# આપના અધિકારો અંગે સ્પષ્ટતા

જો યુરોપિયન ધરપકડ વોરંટ અથવા APB (ઓલ પોર્ટસ બુલેટીન) હેઠળ આપની અટકાયત કરવામાં આવી હોય.



## ઈન્ટરવ્યુ શરૂ થાય તે પહેલા ક્યા અધિકારો વિશે આપને જાણ કરવી અનિવાર્ય છે?

### 1. વકીલ સાથે ખાનગી સલાહમસલત, અને ઈન્ટરવ્યુ દરમિયાન કાનૂની સહાયનો અધિકાર

A. વકીલ

— આપ આપની પસંદગીના વકીલનો સંપર્ક કરવાની માંગ કરી શકો છો.
— જો આપની પાસે આપના વકીલ ન હોય અથવા જો આ વકીલ હાજર ન રહી શકે તો આપ બાર એસોસિએશનના ફરજ વકીલના સમૂહમાંથી વકીલનો સંપર્ક કરવાની માંગ કરી શકો છો.
— જો આપ ચોક્કસ કાનૂની શરતોનું પાલન કરો તો આ મદદ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે મફત છે. જેમાં કાનૂની સહાય માટેની શરતો દર્શાવવામાં આવી હોય તે ફોર્મ આપ માંગી શકો છો.

B. અગાઉથી ખાનગી સલાહમસલત

— આગામી ઈન્ટરવ્યુ પહેલાં અને બાર એસોસિએશનના ફરજ વકીલના સમૂહમાંથી વકીલ સાથે આપે વાત કરી હોય તે પછી 2 કલાકની અંદર – આપ આપના વકીલ સાથે ત્રીસ મિનીટ માટે ખાનગી સલાહમસલત કરવા માટેનો અધિકાર ધરાવો છો જે અપવાદરૂપે ઈન્ટરવ્યુ લેનારના નિર્ણય દ્વારા લંબાવી શકાય છે.
— આ સલાહમસલત ટેલિફોન દ્વારા અથવા ઈન્ટરવ્યુના સ્થળ પર બન્ને રીતે થઈ શકે છે.
— જો આપના વકીલ સાથે આયોજિત સલાહમસલત 2 કલાકની અંદર ન થઈ હોય તો બાર સંગઠનના ફરજ વકીલના સમૂહ સાથે ટેલિફોન દ્વારા ખાનગી સલાહમસલત હજુ પણ થઈ શકશે. આ પછી ઈન્ટરવ્યુ શરૂ થઈ શકે છે.
— જો આપના વકીલ ઈન્ટરવ્યુ દરમિયાન આવે તો તેઓ બાકીની કાર્યવાહીમાં હાજરી આપી શકે છે.

C. ઈન્ટરવ્યુ દરમિયાન કાનૂની સહાય

— ઈન્ટરવ્યુ સમયે આપના વકીલ મારફતે સહાય મેળવવાનો આપનો અધિકાર છે.
— આપના વકીલ સુનિશ્ચિત કરશે:
  - કે આપનો મૌન રહેવાનો અધિકાર અને પોતાને આરોપી નહિ ઠેરવવાના આપના અધિકારને જાળવવામાં આવે;
  - ઈન્ટરવ્યુ દરમિયાન આપની સાથે જે રીતે વર્તન કરવામાં આવે છે, તમને અનુચિત દબાણ હેઠળ મૂકવામાં આવે છે કે નહિ;
  - એ હકીકત કે આપને આપના અધિકારો સમજાવવામાં આવ્યા હોય અને ઈન્ટરવ્યુની નિયમિતતા જાળવવામાં આવે.

જો આપના વકીલને આમાંની કોઈપણ બાબતો અંગે ટીકા-ટિપ્પણીઓ હોય તો તેઓ પોલીસ ઈન્ટરવ્યુ નિવેદનમાં તેની તાત્કાલિક નોંધ કરાવી શકે છે. પૂછવામાં આવતા પ્રશ્નો અંગે આપના વકીલ ખુલાસો માંગી શકે છે.
તેમને આપની જગ્યાએ જવાબ આપવાની અથવા ઈન્ટરવ્યુ અવરોધવાની પરવાનગી નથી.

— આપને અથવા આપના વકીલને વધારાની ખાનગી સલાહમસલત માટે માત્ર એક પ્રસંગે ઈન્ટરવ્યુ અટકાવવાનો અધિકાર છે.
જો ઈન્ટરવ્યુ દરમિયાન નવા પાસા અથવા અપરાધો પ્રકાશમાં આવે તો આપને વકીલ સાથે વધારાની ખાનગી સલાહમસલત કરવાની પરવાનગી પણ છે. આ સલાહમસલત 15 મિનીટથી વધુ ચાલી શકશે નહીં.

D. અધિકાર જતો કરવો

આપ વકીલની સાથે સલાહમસલતની અથવા સહાય માટેની વિનંતી કરવા માટે બંધાયેલા નથી.

આપ સ્વેછાએ અને યોગ્ય વિચારણા બાદ આ અધિકાર જતો કરી શકો છો, જો આપ;

— કાનૂની વય ધરાવતા હોવ;
— આ અંગેના દસ્તાવેજમાં આપે સહી કરી અને તારીખ નાંખી હોય તે પછી.
— જો શક્ય હોય તો ઈન્ટરવ્યુનું ફિલ્માંકન કરવામાં આવી શકે છે. આપ આપના વકીલ સાથે આ અંગે ચર્ચા કરી શકો છો (મુદ્દો 7 પણ જૂઓ).

આ મુદ્દાઓ પર, તમે ફરજ પર હોનારા વકીલોના બાર સંગઠનના પુલના કોઈક સાથે ટેલિફોન પર વાત કરી શકો છો.

E. અપવાદ

અપવાદરૂપ સંજોગોમાં અથવા અનિવાર્ય કારણોસર સરકારી વકીલ અથવા તપાસકર્તા મેજિસ્ટ્રેટ આપને અગાઉથી ખાનગી સલાહમસલત અથવા ઈન્ટરવ્યુ દરમિયાન વકીલ તરફથી મદદની મંજૂરી નહિ આપવાનો નિર્ણય લઈ શકે છે. આ નિર્ણય માટે તેમણે કારણો આપવા જરૂરી છે.

F. યુરોપિયન ધરપકડ વોરંટ જારી કર્યુ હોય તે દેશમાં વકીલ રાખવાનો અધિકાર

જેમણે યુરોપિયન ધરપકડ વોરંટ જારી કર્યુ હોય તેવા દેશમાં વકીલની નિમણૂક કરવાનો આપને અધિકાર છે. આ વકીલ પ્રત્યાર્પણ પ્રક્રિયા અંગે માહિતી અને સલાહ સાથે બેલ્જીયમમાં આપના વકીલ આપી શકે છે.

## 2. યુરોપિયન ધરપકડ વોરંટ અથવા અંગે માહિતી APB

— યુરોપિયન ધરપકડ વોરંટ અથવા APB ના સારાંશ અંગે જાણ મેળવવાનો આપને અધિકાર છે.

— જો આપનું પ્રત્યાર્પણ દંડના અમલની દૃષ્ટિથી લાગુ પાડવામાં આવ્યું હોય અને આપને આ અપરાધ સાબિતી અંગે અથવા અનિર્ણિત ફોજદારી કાર્યવાહી અંગે જાણ ન હોય તો આપ આપની માહિતી માટે વિદેશી અપરાધ સાબિતીની એક નકલ મેળવવા માટે વિનંતી કરી શકો છો અને એ શરતે કે તેની સમયસર વ્યવસ્થા કરવામાં આવે.

## 3. મૌન રહેવાનો અધિકાર

— કોઈપણ સમયે પોતાને આરોપી ઠેરવવાનું આપને દબાણ કરી શકાતું નથી.
— આપની ઓળખ જણાવ્યા બાદ આપ નિવેદન આપવાનું, પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવાનું અથવા મૌન રહેવાનું પસંદ કરી શકો છો.

## 4. આપની ધરપકડ કરવામાં આવી છે તેવું કોઈને જણાવવાનો અધિકાર

આપની ધરપકડ અંગે ત્રીજા પક્ષને સૂચિત કરવાનો આપને અધિકાર છે.

જોકે, તપાસના હિતમાં અનિવાર્ય કારણોસર જરૂરી સમયગાળા માટે સરકારી વકીલ કે તપાસકર્તા મેજિસ્ટ્રેટ દ્વારા તેને મોકૂફ રાખવામાં આવી શકે છે.

## 5. તબીબી સહાય

— જરૂર પડે તો આપની પાસે મફત તબીબી સહાયનો અધિકાર છે.
— આપ આપની પસંદગીના ડૉક્ટર દ્વારા તપાસ કરાવવાની માંગ કરી શકો છો. જો આમ કરવામાં આવે તો તે આપને ખર્ચે રહેશે.

**ઈન્ટરવ્યુ દરમિયાન આપના વધારાના અધિકારો ક્યા છે?**

## 6. ઈન્ટરવ્યુ દરમિયાન અન્ય અધિકારો

ઈન્ટરવ્યુ ઘણી બધી વાતચીતોથી શરૂ થાય છે. અપરાધોના સારાંશની વાતચીતના અને આપના મૌન રહેવાના અધિકારના પુનરાવર્તન બાદ વધુમાં તમને જણાવવામાં આવશે કે:

— પૂછવામાં આવેલ તમામ પ્રશ્નો અને આપના દ્વારા આપવામાં આવેલ તમામ જવાબોની આપે ઉપયોગ કરેલ શબ્દોમાં નોંધ કરવાની આપ વિનંતી કરી શકો છો;

— આપ માંગ કરી શકો કે ચોક્કસ પૂછપરછ કરવામાં આવે અથવા ચોક્કસ વ્યક્તિ દ્વારા ઈન્ટરવ્યુ કરવામાં આવે;

— આપે કરેલ નિવેદનો કાયદાની અદાલત સમક્ષ પૂરાવામાં ઉપયોગ કરવામાં આવી શકે છે.

— તેને પરિણામે ઈન્ટરવ્યુમાં વિલંબ ન થતો હોય ત્યાં સુધી ઈન્ટરવ્યુ દરમિયાન આપ આપના કબજામાં રહેલા દસ્તાવેજોનો ઉપયોગ કરી શકો છો. ઈન્ટરવ્યુ દરમિયાન અથવા પછી આ દસ્તાવેજોને પોલીસ ઈન્ટરવ્યુ નિવેદનમાં ઉમેરવા માટે અથવા કોર્ટ નોંધણીકચેરીમાં જમા કરાવવાની આપ માંગ કરી શકો છો.

## 7. ઈન્ટરવ્યુનું ફિલ્માંકન કરવું

— જો શક્ય હોય તો ઈન્ટરવ્યુની કાર્યવાહીની દેખરેખ માટે ઈન્ટરવ્યુનું ફિલ્માંકન કરવામાં આવી શકે છે.

— આ અંગેનો નિર્ણય ઈન્ટરવ્યુ લેનાર, સરકારી વકીલ, અથવા તપાસકર્તા મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવે છે.

## 8. ઈન્ટરવ્યુને અંતે

ઈન્ટરવ્યુને અંતે ઈન્ટરવ્યુનું લખાણ આપને વાંચવા માટે આપવામાં આવશે. તે આપને વાંચી સંભળાવવામાં આવે તેવી માંગ પણ આપ કરી શકો છો.

આપ આપના નિવેદનમાં  કોઈ ફેરફાર અથવા ઉમેરો કરવા માંગો છો કે કેમ તે અંગે આપને પૂછવામાં આવશે.

## 9. દુભાષિયાની મદદ

— જો આપ ભાષા સમજી અથવા બોલી ન શકતા હોવ અથવા જો આપને બોલવાની અથવા સાંભળવાની તકલીફ હોય તો અને જો આપના વકીલ આપની ભાષા સમજતા અથવા બોલતા ન હોય તો આપના વકીલ સાથે ખાનગી સલાહમસલત દરમિયાન આપને શપથ લીધેલ દુભાષિયા માટેનો અધિકાર છે. આ મદદ મફત છે.

— જો આપ કાર્યવાહીની ભાષા કરતા જુદી ભાષા બોલવા ઈચ્છતા હોવ તો ઈન્ટરવ્યુ દરમિયાન આપને મદદ કરવા માટે શપથ લીધેલ દુભાષિયાને બોલાવવામાં આવશે. આ મદદ મફત છે.

— આપને આપનું નિવેદન આપની પોતાની ભાષામાં લખવાનું કહેવામાં આવી શકે છે.

## 10. પ્રત્યાર્પણ માટે સંમત થવું

જે દેશ તમને માંગતો હોય તેને પ્રત્યાર્પણ માટે આપ સંમત થઈ શકો છો. યુરોપિયન ધરપકડ વોરંટમાં ચોક્કસ ઉલ્લેખ કર્યા મુજબના અપરાધો માટે આપ આપની સંમતિ મર્યાદિત કરી શકો છો. આપ વિશિષ્ટ નિયમ પણ જતો કરી શકો છો, જેઓ અર્થ એ થાય છે કે આપનું પ્રત્યાર્પણ થયા પછી જેને માટે પ્રત્યાર્પણની અરજી કરવામાં આવી હતી તે સિવાયના અપરાધો માટે આપવામાં આવેલી સજાના અમલના ભાગ તરીકે આપની સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવશે અથવા કેદમાં રાખવામાં આવશે.

તપાસકર્તા મેજિસ્ટ્રેટ દ્વારા ઈન્ટરવ્યુ પછી જો આપ પ્રત્યાર્પણ માટે સહમત થાવ તો સરકારી વકીલ દ્વારા તમને સાંભળવામાં આવશે. સરકારી વકીલ તેના સૂચિતાર્થો સમજાવશે. આપ આપના વકીલની મદદ લઈ શકો છો. આપ માત્ર સરકારી વકીલ સમક્ષ પ્રત્યાર્પણ માટેની સંમતિ આપી શકો છો. એકવાર આપ પ્રત્યાર્પણ કરવાની કાયદેસર સંમતિ આપી દો પછી આપ આપના પ્રત્યાર્પણ અંગે પાછા ફરી શકતા નથી.

# આપના અધિકારો અંગે સ્પષ્ટતા

જો યુરોપિયન ધરપકડ વોરંટ અથવા APB (ઓલ પોર્ટસ બુલેટીન) હેઠળ આપની **અટકાયત** કરવામાં આવી હોય.



**આપને કેટલા સમય સુધી અટકાયતમાં રાખવામાં આવી શકે છે?**

**1. 48 કલાક**

આપને 48 કલાકથી વધુ નહિ જેટલા સમયગાળા માટે અટકાયતમાં રાખવામાં આવી શકે છે.

**2. તપાસકર્તા મેજિસ્ટ્રેટ**

— 48 કલાકની અંદર આપને છોડી મૂકવામાં આવશે અથવા તપાસકર્તા મેજિસ્ટ્રેટની સમક્ષ લાવવામાં આવશે. બે પૈકીના બીજા નિર્ણય લેશે કે યુરોપિયન એરેસ્ટ વોરંટ અનુસાર આપની અટકાયત કરવી કે નહીં

— આ બાબત અંગે પહેલા આપને સાંભળવા માટે તપાસકર્તા મેજિસ્ટ્રેટ બંધાયેલા છે. આપને આપના વકીલ તરફથી મદદ મેળવવાનો અધિકાર છે. તપાસકર્તા મેજિસ્ટ્રેટ શક્ય કસ્ટડી વિશે આપની અથવા આપના વકીલ દ્વારા આગળ ધરવામાં આવેલી ટીપ્પણીઓ સાંભળશે.

જો આપ કાનૂની વયના હોવ માત્ર તો જ આપ વકીલ તરફથી મદદ લેવાનો હક જતો કરી શકો છો.

— જો તપાસકર્તા મેજિસ્ટ્રેટ આપની ધરપકડ માટે વોરંટ જારી કરે તો આપની પાસે નીચેના અધિકારો છે:

- ○ આપ આપના વકીલ સાથે મર્યાદા વગર વાત કરવા માટે મુક્ત છો.
- ○ આપની ધરપકડ કરવામાં આવ્યા બાદ પંદર દિવસની અંદર આપ કમિટલ ચેમ્બર સમક્ષ ઉપસ્થિત થશો જ્યાં આપ યુરોપિયન એરેસ્ટ વોરંટ હેઠળ આપની કસ્ટડી અને પ્રત્યાર્પણને પડકારી શકો છો. આ નિર્ણય અંગે આપ ઈન્ડાઈટમેન્ટ ચેમ્બર સમક્ષ અપીલ કરી શકો છો, જે પંદર દિવસમાં પોતાનો નિર્ણય સંભળાવશે. કમિટલ ચેમ્બરના નિર્ણયની આપની પાસે બજવણી થઈ ગઈ હોય તેના 24 કલાકની અંદર અપીલ દાખલ થવી અનિવાર્ય છે.
- ○ કમિટલ ચેમ્બર અથવા ઈન્ડાઈટમેન્ટ ચેમ્બરની સુનાવણીના આગલા દિવસે આપને આપની કેસ ફાઈલ જોવા માટેની પરવાનગી આપવામાં આવશે.
- ○ આ કાર્યવાહીની આગળના ઘટનાક્રમની દિશા અંગે વધારે વિગતવાર સમજૂતી આપના વકીલ આપી શકે છે.
- ○ જો આપ બેલ્જિયન નાગરિક ન હોવ તો આપના વાણિજ્યદૂત અધિકારીઓને આપ આપની ધરપકડ અંગે સૂચિત કરી શકો છો.
- ○ જો આપ યુરોપિયન ધરપકડ વોરંટની ભાષા અથવા જે ભાષામાં તેનો અનુવાદ કરવામાં આવ્યો હોય તે ન સમજી શકો તો આપ કમિટલ ચેમ્બર સમક્ષ ઉપસ્થિત થાવ તે પહેલા અને મોડામાં મોડા અમલ બાબતે આખરી નિર્ણય આવે તે પહેલા આપ જે ભાષા સમજી શકતા હોવ તેમાં યુરોપિયન ધરપકડ વોરંટનો લેખિત અનુવાદ અથવા યુરોપિયન ધરપકડ વોરંટનો મૌખિક અનુવાદ અથવા આવશ્યક પ્રક્રિયાગત નોંધનો મૌખિક અનુવાદ આપવામાં આવશે.

**આપના અધિકારોની આ સ્પષ્ટતા આપ આપની પાસે રાખી શકો છો.**